જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૫/૬/૨૦૧૪ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૫/૧૪**

## બે દેશી બનાવટ ની બંદૃક સાથે બે ઇસમઓને જબ્બે કરતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર

શ્રી બી.સી.સોલંકી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એસઓજી ક્રાઇમ બ્રાન્ચ તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.એચ.સરવૈયા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ આગામી રથયાત્રા અનુસંધાને શહેરમાં કોઇ અનીશ્ચનીય બનાવ ન બને તેની તકેદારી રાખવા સારુ તેમજ ગેરકાયદેસર હથીયારના ગુન્હાઓ શોધી કાઢવા સારુ સુચના આપેલ જે આધારે એસઓજીના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી એ.કે.વડીયા તથા પો.સ.ઇ. શ્રી કે.એચ.રાઠોડ તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બન્ને પો.સ.ઇ. શ્રીઓને તેઓના સ્ટાફ મારફતે અલગ અલગ બાતમી મળેલ જે આધારે શ્રી એ.કે.વડીયા નાઓએ જેઠાભાઇ લધાભાઇ સંન્ધી રહે, ગામઃઅદગામ તા.સાંતલપુર જી. પાટ્ણ વાળાને ઉજાલા સર્કલ ખાતે થી દેશી બનાવટની બંદૃક સાથે પકડી પાડેલ તમેજ શ્રી કે.એચ રાઠોડ નાઓએ આરોપી કાળુભાઇ જેઠાભાઇ સંન્ધી રહે, ગામઃઅદગામ તા.સાંતલપુર જી. પાટ્ણ વાળાને સરખેજ સાણંદ રોડ જનપથ હોટલ આગળ જાહેર રોડ ઉપર થી દેશી બંદૃક સાથે પકડી પાડી બન્ને બંદૃકની કિં રૂ. ૨૦૦૦ ગણી અલગ અલગ ગુન્હા દાખલ કરેલ છે. અને આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## વિદેશી દારુના જથ્થા સાથે એક ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર

અમદાવાદ શહેરમાં નિકળનાર આગામી રથયાત્રા તહેવારને અનુલક્ષી કાયદો અને વ્યવસ્થા જાળવવા સારુ દારુ-જુગારની પ્રવ્રુતિઓને નેસ્તનાબુદ કરવા સારુ નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી સાહેબ નાઓ દ્વારા આપેલ સુચના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી એચ.પી.કરેણ નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઠક્કરનગર રોડ રતનબા સ્કુલ પાસે આવતાં સાથેના પો.કો.હર્ષદભાઇ મનોહરભાઇનાઓએ આપેલ બાતમી હકીકત આધારે આરોપી જીતેશકુમાર નટવરલાલ પરમાર ઉવ.૨૬ રહે.મકાન નં.બી/૧, શ્યામવિહાર ફલેટ, શ્યામકૃપા ફલેટની સામે, સુભાષ સ્કુલની બાજુમાં રતનબા રોડ વેરા પાસે ઠક્કરનગર નરોડા અમદાવાદ શહેરના કબજા ભોગવટાવાળા મકાનમાંથી વગર પાસપરમીટનો ગેરકાયદેસરનો ઇંગ્લીશ દારુ બોટલ નંગ-૧૭૪ તથા બીયર ટીન નંગ-૮ મળી કુલ કિં.રુ.૬૦,૨૦૦/ નો વિદેશી દારુનો જથ્થો કબજે કરવામાં આવેલ છે અને આરોપી જીતેશકુમાર નટવરલાલ પરમારનાને પકડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.સદરીની પુછપરછ દરમ્યાન તેના કબજાભોગવટાના મકાનમાંથી મળી આવેલ વિદેશી દારુ તથા બિયરનો જથ્થો ઉત્તમ પાર્ક ઠક્કરનગર ખાતે રહેતા નિલેશ ધોબીની પાસેથી લાવેલ હોવાની હકીકત જણાવેલ છે.આરોપીની ઘનિષ્ઠ પુછપરછ કરતાં છેલ્લા એક વર્ષથી ચોરી છુપીથી વિદેશી દારુનો ધંધો કરતો હોવાનુ જણાવેલ છે.આ ગુનાની આગળની વધુ તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલાનાઓ ચલાવી રહેલ છે.

**<u>પિપળજ ગામના ખોડીયાર મંદીરના મહંતની હત્યા કરી લુંટના ગુનામાં સંડોવાયેલ આરોપીની ધરપકડ કરતી અમદાવાદ શહેર, એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ.</u>**

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે.શર્માં તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ ખુન કરી લૂંટના બનેલ બનાવો શોધી કાઢવા સારૂ એસ.ઓ.જી. તથા ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને સુચના કરેલ તે અનુસંધાને એસ.ઓ.જી. ના મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી બી.સી.સોલંકી નાઓના માર્ગદશન અને સુપરવિઝન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.એચ સરવૈયા નાઓએ એક ટીમ તૈયાર કરેલ અને અમદાવાદ શહેર માં બનેલ ખુન વીથ લુંટ ના વણ શોધાયેલ ગુનાઓની ગંભીરતા ધ્યાને લઇ તે ગુનાની મોડ્સ ઓપરેન્ડી મુજબ ગુનાઓ કરતા ઇસમોની તપાસ માટે શાખાના માણસોને સુચના કરેલ અને ખાનગી બાતમીદારોને માહીતગાર કરી તે દિશા તરફ તપાસમાં રહેવા જણાવેલ હતું. અમદાવાદ શહેર ના વટવા વિસ્તાર માં આવેલ પીપળજ ગામ ખાતે આવેલા ખોડીયાર માતા ના મંદીર ની સેવા–પુજા કરતા મહંત સખારામા ઉર્ફે મામું સાળુંકે નું મોત નિપજાવી મંદિરમાં ચાંદીના દાગીનાની રૂ.૩૫,૦૦૦/- ની લુંટ નો બનાવ બનેલ જેમાં પુજારીની તીક્ષ્ણ હથિયારો તથા બોથડ હથિયારથી ઘાતકી મોત નિપજાવી લુંટ કરેલ જે બનાવ વણ શોધાયેલ હતો. જે ગુનો તા-૦૮/૦૫/૨૦૧૪ ના રોજ વટવા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ હતો. આ બનાવના આરોપીઓની તપાસમાં હતા દરમ્યાન બાતમીદારથી માહીતી મળેલ કે, આ બનાવ માં લાંભા ઇન્દીરાનગર વિભાગ-૨ માં રહેતો જીગ્નેશ ઉર્ફે ટીટો મંગાજી ઠાકોર સડોવાયેલ હોવાની માહીતી મળેલ. અને આ ઇસમ ભમરીયા કુવા ત્રણ રસ્તા વટવા નારોલ રોડ ઉપર આવવાનો છે જે માહીતી આધારે આ સ્થળ ઉપર વોચ ગોઠવી આ વર્ણનવાળો સખ્સ આવતા તેને પકડી લીધેલ. તેની બનાવ અનુસંધાને પુછપરછ કરતાં તેણે આ ગુનો કરેલ હોવાનું કબુલ કરેલ તેની વધુ પુછપરછ કરતાં પોતે રીક્ષા ડ્રાઇવીંગ કરે છે અને લાંભા ઇન્દીરાનગર વિભાગ-૨ મ.ન.૨૯૬૬ લાંભા ગામ તા. દસક્રોઇ જી. અમદાવાદ ખાતે રહે છે. પોતાનો મિત્ર રામસરણ ઉર્ફે રામું તથા પીન્ટુ મારવાડી રહે, લાભા વાળા પોતાની રીક્ષામાં લાંભાથી પીપળજ નોકરીએ જતા આવતા હોઇ તેમની સાથે મિત્રતા થયેલ. ગઇ તા. ૦૭/૦૫/૨૦૧૪ ના રોજ રામસરણે મને મારા મોબાઇલ ઉપર ફોન કરેલ અને કહેલ કે મારો મિત્ર પીન્ટુ મારવાડી રાજસ્થાનથી આવેલ છે તેને મળવા પીપળજ જવું છે જેથી પોતાની રીક્ષા બગડેલ હોઇ બીજી રીક્ષામાં રામસરણ સાથે પીપળજ આવેલા અને રામસરણના મિત્ર પીન્ટુને મળેલા. ત્રણેય જણાં રાત્રે સાથે જમી અને નારોલ સર્કલે બેઠેલ હતા તે વખતે રામસરણે તેના મિત્ર પીન્ટુ તથા જીગ્નેશ ને જણાવેલ કે આશરે દોઢેક મહીના પહેલા મને પીપળજ ના ખોડિયારમાતાનાં મંદિરના પુજારીએ પોતે દર્શન કરવા ગયેલ ત્યારે પુજારીએ ગાળો આપેલ હતી. જેથી તેને પાઠ ભણાવવો છે. જેથી આ ત્રણેય જણાં ખોડિયારમાતાનાં મદિરે આવી કંપાઉન્ડની દિવાલ કુદી અંદર પ્રવેશ કરેલ અને પુંજારી ખાટલામાં સુતા હતા તેની ઉપર કંતાનનો કોથળો પીન્ટુએ નાંખતા પુંજારી જાગી ગયેલ જેથી રામસરણે તથા જીગ્નેશે પુંજારીને માથામાં ઇંટ મારેલ જેથી પુંજારીએ બુમાબુમ કરતા મંદિરમાં પડેલ છરી લઇ રામસરણે પુંજારીના ગળાના ભાગે એક ઘા મારેલ તેમ છતાં પુજારી બુમાબુમ ચાલું રાખતા પીન્ટુએ ત્યા પડેલ ડીસમીસ નો એક ઘા ગળાના ભાગે મારેલ જેથી પુંજારી મરણ ગયેલ હતો. તે પછી ઓશીકા નીચેથી પડેલ ચાવી લઇ મંદિર તથા રૂમ ખોલી તેમાંથી માતાજીના ચાંદીના દાગીના ની લુંટ કરી નાસી ગયેલ હતા. તેમજ આ બનાવ બાદ રામસરણ તેનું લાંભા ખાતેનું મકાન ખાલી કરી કયાંક જતો રહેલ હતો. અને જીગ્નેશ પોતે પણ લાંભાથી અમદાવાદ માં માણેકબાગ ખાતે રહેતી તેની બેનને ત્યાં જતો રહેલ હતો. પોતે અગાઉ અસલાલી પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના ગુનામા પણ પકડાયેલ છે. આ આરોપીની આજરોજ કલાક ૧૬/૦૦ વાગે ધરપકડ કરી બાકીના બે નાસતા ફરતા આરોપી પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**<u>ઘરફોડ ચોરીના સોના ચાંદીના રુ.૩૯,૬૦૦/-ના મુદ્દામાલ સાથે એક ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર</u>**

અમદાવાદ શહેરમાં બની રહેલ મિલકતસંબંધી ગુનાઓ બનતા અટકાવવા અને બનેલ ગુના શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી સાહેબ નાઓ દ્વારા આપેલ સુચના અનુસંધાને પો.કો.હર્ષદભાઇ ની બાતમી આધારે આરોપી સત્યવીર S/o શીવકરણ ખુશીરામસીંગ તોમર ઉવ.૨૮ ધંધોઃ સિલાઇ કામ રહેવાસીઃ ગલી નં.૩, હરીસીગની ચાલી, ચંદરનગર, બી.બી.તોમર હાઇસ્કુલની પાસે, ભાર્ગવ રોડ મેઘાણીનગર, અમદાવાદ શહેરનાને સોના ચાંદીના દાગીના સાથે લઇ આવતા જેની શ્રી જે.એન.ઝાલા પોલીસ સબ ઇન્સ્પેકટરનાઓએ ઘનિષ્ઠ પુછપરછ કરતા આરોપીને આ દાગીના તેના મિત્રએ પોતાના સગા કાકાના ઘરમાંથી ચોરી કરી લઇ આવેલ હોવાનુ અને સમય જતા આ દાગીના વેચી બન્ને ભાગ પાડી લઇશુ તેવી કબુલાત કરતા સી.આર.પી.સી.કલમ ૪૧(૧)આઇ મુજબ અટક કરી સોના ચાંદીના દાગીના સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી તપાસ હાથ ધરતા સદર મુદ્દામાલ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુન્હા રજીસ્ટર નં.૬૬/૨૦૧૪ ઇપીકો કલમ ૪૫૪, ૩૮૦, ૧૧૪ મુજબના કામે ચોરીએ ગયેલ હોય જે મુદ્દામાલ રીકવર કરી મેઘાણીનગર પોલીસ સ્ટેશનના ગુન્હાનો ભેદ ઉકેલી કાઢેલ છે.અને આરોપીને મેઘાણીનગર પો.સ્ટે.સોપવા તજવીજ હાથ ધરેલ છે.

**<u>૮૪૫ ગ્રામ ચરસના જથ્થા સાથે ઇમ્તીયાઝ હુશૈન શેખ ક્રાઇમ બ્રાન્ચના હાથે ઝડપાયો</u>**

અમદાવાદ શહેરમાં નશીલા પદાર્થોના વેચાણને નેસ્ત નાબુદ કરવા તથા દેશના યુવાધનને પાયમાયલીના રસ્તે જતા રોકવા અને ગુન્હેગારોને પકડી સખત કાર્યવાહી કરવા સારુ સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા સાહેબ ની સખત સુચના અનુશાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરીનાઓને મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે ગોમતીપુર વિસ્તારમાં રહેતો અને નશીલા પદાર્થોની હેરાફેરી વેચાણ કરતા ઇમ્તીયાઝહુશૈન S/o કાદરભાઇ શેખ ઉવ.૪૦ પાકવાડા સમશેરબાગ ગોમતીપુર અમદાવાદ નાને ટોપીમીલ ચાર રસ્તા પાસેથી મોટર સાયકલ ઉપર ચરસનો જથ્થો લઇ જતો હતો દરમ્યાન કલાક ૧૯/૦૦ વાગે ૮૪૫ ગ્રામ ચરસ કિમત રુ.૧,૨૬,૭૫૦/- નો જથ્થો તથા રોકડ નાણા રુ. ૩,૬૦૦/- સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.અને આગળની વધુ તપાસ શ્રી એચ.પી.કરેણ પોલીસ સબ ઇન્સ્પેકટરનાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.